# કોરોના મહામારીમાં ડુપ્લીકેટ રેમડેસીવીર ઇન્જેકશનો ઉંચા ભાવે વેચી કાળા બજાર કરી કોરોના સંક્રમીત દર્દીના સ્વાસ્થ્ય સાથે ચેડા કરનાર ઇસમને ડુપ્લીકેટ ઇન્જેકશનો સાથે પકડી પાડતી, સુરત શહેર ક્રાઇમ બ્રાંચ.

સુરત શહેર ક્રાઇમ બ્રાંચને હાલમાં કોરોના મહામારીને લઇને ચાલી રહેલ રેમડેસીવર ઇન્જેકશનોના કાળા બજાર કરતા વ્યકિતઓને શોધી કાઢવા ઉપરી અધિકારીશ્રીનાઓ તરફથી સુચના મળતા જે અનુસંધાને મોરબી ખાતે ડુપ્લીકેટ રેમડેસીવર ઇન્જેક્શન સાથે પકડાયેલ કૌશલ વોરાનાઓનુ ડુપ્લીકેટ રેમડેસીવર ઇન્જેક્શન બનાવવાનુ કારખાનુ ઓલપાડ ખાતેથી મળી આવેલ હોય અને જે સુરતમાં રહેતો હોય જેથી તેણી સુરતમાં પણ ડુપ્લીકેટ રેમડેસીવર ઇન્જેક્શન વેચાણ કરેલ હશે તે દિશામા ડી.સી.બી. પો.સ્ટે.ના પોલીસ માણસો વર્ક આઉટમાં હતા દરમ્યાન બાતમી હકીકત મળેલ કે અડાજણ પરસુરામ ગાર્ડન પાસે આવેલ સીએમ રેસીડેન્સી ફ્લેટ નં. ૫૦૩ માં રહેતો જયદેવસીંહ ઝાલા નામનો ઇસમ હાલમાં ચાલી રહેલ કોરોના મહામારીમા કોરોના સંક્રમીત દર્દીની સારવારમાં ઉપયોગમાં લેવાય તે ડુપ્લીકેટ રેમડેસીવર ઇન્જેકશનો ઉંચા ભાવે વેચાણ કરી રહેલ છે. જે બાતમી હકીકત આધારે સીએમ રેસીડેન્સી પાસેથી આરોપી જયદેવસિંહ વેલુભા ઉ.વ.૫૦ ધંધો–ગોલ્ડ લે-વેચાણની પ્રાઇવેટ કંપનીમા કમિશન એજન્ટ તરીકે નોકરી રહે. ફ્લેટ નં.૫૦૩, સી.એમ.સી.એમ રેસીડેન્સી પરશુરામ ગાર્ડનની પાસે અડાજણ, સુરત શહેર. મુળગામ-એજન તા.ધાંગ્રધ્રા જિ. સુરેન્દ્ર નગરનાઓને પકડી પાડી તેના ઘરમાંથી કિ.૪૮,૪૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી મજકુર પાસેથી મળી આવેલ ડુપ્લીકેટ રેમડેસીવર ઇન્જેક્શન ક્યાંથી કોની પાસેથી લાવેલ છે? તે અંગે પુછપરછ કરતા આરોપીના જણાવ્યા અનુસાર અડાઅજણ એલ.પી.સવાણી રોડ ઉપર જલારામ મંદિર સામે રહેતા પોતાના મિત્ર કૌશલ વોરા રેમડેસીવર ઇન્જેક્શન વેચવાનો ધંધો કરતા હોય, તેની પાસેથી કુલ-૧૩૪ ઇન્જેક્શન મેળવેલ હતા અને કોરોના પોઝીટીવ દર્દીઓનો તેમજ તેમના પરીવારજનો મો. સંપર્ક કરી અલગ અલગ ભાવથેરે કુલ-૧૨૬ ઇન્જેકશનનુ વેચાણ કરેલ છે. અને બાકી રહેલ ૦૮ ઇન્જેક્શન કબ્જે કરવામા આવેલ છે. આ કામે પકડાયેલ આરોપીને ફાર્માસ્યુટીકલ ફિલ્ડનો કોઇ અનુભવ નથી. જેથી સદર ડુપ્લીકેટ રેમડેસીવર ઇન્જેક્શન મજકુરને પુરા પાડનાર કૌશલ વોરાને વોન્ટેડ જાહેર કરી મજકુર આરોપી વિરુધ્ધ ડી.સી.બી પો.સ્ટે. ફરીયાદ નં.૧૧૨૧૦૦૧૫૨૧૦૧૧૮/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૩૦૮, ૪૨૦, ૨૭૪, ૨૭૫, ૩૪, ૧૨૦(બી) તથા આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ-૩, ૭, ૧૧ તથા ડ્રગ્સ એન્ડ કોસ્મેટીક્સ એક્ટ કલમ ૨૭ મુજબનો ગુન્હો રજીસ્ટર કરવામાં આવેલ છે.